અપીલ અરજી નં.૮૫,૮૬ તા.૨૯–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલા

સામાવાળાઃ–(૧)ડે.કમિશ્નર(પઅનેઈ)અનેજાહેર માહિતી અધિકારી (મહેકમ મધ્યસ્થ ઈન્કવાયરી)
(૨) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
(૩) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અનેજાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ,ટાઉન પ્લાનીંગ)
(૪)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઓફિસ),
(૫)વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અનેજાહેર માહિતી અધિકારી
(૬) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલાની આઈ ડી. નં.૨૧૮,૨૧૯ તા.૨–૬–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં શહેર વિકાસ અધિકારીની પોસ્ટ જયારે મંજુર કરવામાં આવી ત્યારની શહેર વિકાસ અધિકારીની નિમણુંક પત્રની પ્રમાણિત નકલ, શહેર વિકાસ અધિકારી શ્રી કેતન એસ. પટેલની નિમણુંકની તારીખથી આજ દિન સુધી તા.૧–૬–૦૯ સુધી તેઓની વિરુધ્ધમાં તેમજ તેઓ શ્રી સામે તેઓના ખાતાની કાર્યક્ષેત્રની કાર્યવાહી સામે કરવામાં આવેલ ફરીયાદ અરજીઓની તેમજ કરવામાંઅ ાવેલ પત્ર વ્યવહારની નકલો ટીપી નં.૧૩ અડાજણ શુભમ કો.ઓ.હા.સો. સિવાયની તે અંગેની કરેલી ખાતાકીય કાર્યવાહીના રીપોર્ટીંગ સહિતની પ્રમાણિત નકલો તેમજ તે અંગેના હુકમની નકલો સદરહુ તમામ ફરીયાદ અરજીઓ તેમજ પત્ર વ્યવહાર બાબતે માન. મુખ્ય મંત્રી તથા અન્ય મંત્રી અને રાજય સરકાર કચેરી ધ્વારા મહાનગરપાલિકાએ કરેલ પત્ર વ્યવહાર અને ખાતાકીય રીપોર્ટીંગ અને કાર્યવાહીના હુકમોની નકલો, કમિશ્નરશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, મેયરશ્રીઓ, ડે.મેયરશ્રીઓ,સ્ટે.કમિટિના ચેરમેનશ્રીઓ, વિરોધ પક્ષના નેતાશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ, મહાનગરપાલિકાના અન્ય પદાધિકારીશ્રીઓ તથા અધિકારી તેમજ રાજય સરકારશ્રીના કચેરીઓના અધિકારીશ્રીઓ, તથા પદાધિકારીઓશ્રી ધ્વારા કરવામાં આવેલ ફરીયાદ અરજીઓની મુકવામાં આવેલી નોંધોની તેમજ કરવામાં આવેલ પત્ર વ્યવહારોની પ્રમાણિત નકલો ખાતાકીય કાર્યવાહીઓના રીપોર્ટીંગ પુરાવા સહિતની પ્રમાણિત નકલો તેમજ તે અંગેના થયેલા હુકમોની પ્રમાણિત નકલો તમામ ફરીયાદ અરજીઓ તેમજ પત્ર વ્યવહારો બાબતે ગુજરાત રાજય સરકારશ્રીઓની કચેરીઓ મા.મુખ્ય મંત્રીશ્રીની કચેરી અન્ય મંત્રીઓની કચેરી તેમજ અન્ય રાજય સરકારશ્રીઓની કચેરીઓ ધ્વારા મહાનગરપાલિકાની કચેરીમાં કરવામાં આવેલ પત્ર વ્યવહારની નકલો તેમજ તે સંદર્ભે સુરત મહાનગપાલિકાની ખાતાકીય કાર્યવાહીઓની રીપોટીંગ સહિતની કાર્યવાહીની નકલો તેમજ તે અંગે થયેલ હુકમોની નકલો તેમજ તે અંગે ગુજરાત રાજય સરકારની તમામ કચેરીઓની પાઠવેલ જવાબ પ્રત્યુત્તરના પત્ર વ્યવહારોની પુરાવા સહિત નકલો તેમજ તે અંગે ખાતાકીય કાર્યવાહી રીપોટીંગ સહિતની નકલો, હુકમોની પ્રમાણિત નકલો, વીજીલન્સ ખાતાની તપાસ કરવામાં આવી હોય તો તેની નકલો, વિગેરે અંગેની માહિતીની માંગણી બાબત.

***સંદર્ભ***:–અરજદાર મજકુરની તા.૨૯–૬–'૦૯ ની અપીલ અરજી નં.૮૫,૮૬/૨૦૦૯–૧૦

શ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલાની આઈ ડી. નં.૨૧૮,૨૧૯ તા.૨–૬–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે પત્ર ક્રમાંક નં.જીએડી/ઈએસટી/આઈ/૧૯૮/(૧)(૨) તા.૧૧–૬–૦૯ થી આપવામાં આવેલ જવાબ અયોગ્ય , વાહીયાત અને સત્યથી વગેળો અને અન્યાયી છે તેવું જણાવી મળેલા પ્રતિભાવથીનારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૬–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે. સદર અપીલમાં અરજદાર, વિષય વસ્તુ તથા જાહેર માહિતી અધિકારી લગભગ એક સરખા હોય બંને અપીલ અરજીનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૪૮ તા.૮–૭–૦૯ થી જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર(પઅનેઈ)(મધ્યસ્થ મહેકમ એ ઈનકવાયરી), ડાયરેકટર ઓફ પ્લાનીંગ, શહેર વિકાસ અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ,ટાઉન પ્લાનીંગ), શહેર વિકાસ અધિકારી (સેન્ટ્રલઝોન), ઝોનલચીફ (રાંદેરઝોન), આસી.કમિશ્નર (સેન્ટ્રલ ઓફિસ),વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર તથા આરટીઆઈ સેલ/૩૪૯ તા.૮–૭–૦૯ થી જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર(પઅનેઈ)(મધ્યસ્થ મહેકમ એ ઈનકવાયરી), ડાયરેકટર ઓફ પ્લાનીંગ, શહેર વિકાસ અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ,ટાઉન પ્લાનીંગ), ),વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર તથા અરજદારને પત્ર નં.ટીડીઓ/૮૫૫ અને ૮૫૬ તા.૧૧–૬–૦૯ થી તબદીલ થયેલ તમામ જાહેર માહિતી અધિકારીઓ કક્ષાએથી માહિતી મળેલ છે કે કેમ? તેની કોઈ વિગતો જણાયેલ નથી. તેમજ વીજીલન્સના વીઆઈડી/૪૦૩ તા.૩૦–૬–૦૯ થી ઈન્સ્પેકશન મેળવી માહિતી મેળવ્યાની કોઈ વિગતો જણાયેલ નથી તે સંજોગોમાં ઉપરોકત પત્રો માહિતી અંગે થયેલ કાર્યવાહી, મળેલ માહિતી, ઈન્સ્પેકશન બાદ નારાજગીની કોઈ સ્પષ્ટ વિગતો જણાવવા પત્ર પાઠવામાં આવેલ. અપીલ નં.૮૫ અંગે રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ/૨૦૫ તા.૧૫–૭–૦૯ થી પૂરક વિગતો મળેલ છે જેમાં વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૮૮ તા. તા.૮–૭–૦૯ થી અરજદારને કેતન એસ. પટેલ વિરુધ્ધ ફરીયાદ કે અરજી કે અરજીની વિગતેના પેપર્સ હોવાનું જણાતું નથી.જેથી નકલો આપાવનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવું જણાવેલ છે. ડાયરેકટર ઓફ ટાઉન પ્લાનીંગ તરફથી નં.ટીડીઓ/૧૭૦૮ તા.૧૭–૭–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો પૂરી પાડેલ છે. જેમાં નં.ટીડીઓ/૧૭૦૨ તા.૧૭–૭–૦૯ ના રોજ અરજદારને જાહેર માહિતી અધિકારીના તા.૨૩–૬–૦૯ તથા ૨૫–૬–૦૯ ના પત્રોથી ઉપલબ્ધ નહીં હોવાનું જણાવી અનુમાનિત ઈન્કાર કરેલ માહિતીના અનુસંધાને પૂરક પત્રથી રેકર્ડનું નિરીક્ષણ કરવા અને ઈચ્છે તે નકલો નિયત ફી ભરી મેળવી લેવા જણાવતા પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. ત્યાર બાદ નં.ટીડીઓ/૧૭૩૧ તા.૧૮–૭–૦૯ થી અરજદાર કરેલ ઈન્સ્પેકશન ધ્વારા રેકર્ડ ચકાસણી કરી માંગેલ માહિતીના પાના નંગ ૧૯૩ પ્રતિ નકલના રૂા.૨/– લેખે રૂા.૩૮૬/– કચેરી ખાતે દિન–૩ માં ભરપાઈ કર્યેથી નકલો આપવાની કાર્યવાહી કરવામાં આવશે તેવો અરજદારને પત્ર પાઠવ્યાની નકલ રજૂ કરેલ છે.જયારે જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર(પઅનેઈ), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી તથા આસી. કમિશ્નર(સેન્ટ્રલ ઓફિસ) તથા શહેર વિકાસ અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી. અપીલ નં.૮૬ અંગે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી ૧૭૦૯ તા.૧૭–૭–૦૯ ના રોજ પૂરક વિગતો મળેલ છે. જેમાં નં.ટીડીઓ/૧૭૦૩ તા.૧૭–૭–૦૯ ના રોજ અરજદારને ઈન્સ્પેકશન પુરું પાડવા અંગેની પત્ર પાઠવ્યાની નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ અને ડે.કમિશ્નર(પઅનેઈ) (ઈન્કવાયરી) તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જેમાં અરજદારે પણ બંને અપીલ તબકકે તક આપવા છતાં પણ અરજદારે કરેલ કાર્યવાહી મળેલ માહિતી કે ઈન્સ્પેકશન બાદની નારાજગી અંગેની કોઈ વિગતો પૂરી પાડેલ નથી. અત્રે એ પણ સૂચક છે કે અરજદાર ધ્વારા બાબત હેઠળની માહિતી શ્રી કેતન પટેલની શહેર વિકાસ અધિકારી તરીકેની નિમણુંક તારીખથી તા.૧–૬–૦૯ સુધીના સમયગાળાની માંગેલ છે જે ઘણી વ્યાપક પ્રકારની લાંબા સમયગાળાની સ્પષ્ટ થતી હોઈ કાયદાની કલમ–૭(૯) હેઠળ આવરી

શકાય તેવી પ્રથમદર્શી રીતે જણાય છે.

અરજદારની આઈ ડી. ૨૧૮,૨૧૯ તા.૨–૬–૦૯ થી માંગવામાં આવેલી માહિતી પૈકીની માહિતીની ડે.કમિશર(પઅનેઈ) કક્ષાએથી પત્ર નં. જીએડી/ઈએસટી/આઈ/૧૯૮(૧)(૨) તા.૧૧–૬–૦૯ થી અને જીએડી/ઈએસટી/૭૯૦ તા.૨૨–૬–૦૯ થી શહેર વિકાસ અધિકારીની પોસ્ટ અને નિમણૂંક પત્ર અંગેની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. ,વીજીલન્સ એન્ડ ઈન્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/૪૦૩ તા.૩૦–૬–૦૯ થી તથા ડાયરેકટર ઓફ પ્લાનીગ અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ / ૧૦૨૦ તા.૨૩–૬–૦૯ થી તથા અપીલ નં.૮૬ અંગે ટીડીઓ નં.૧૪૩૫ તા.૨૫–૬–૦૯ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અપીલ નં.૮૫ માં જેમાં ટીડીઓ/૮૫૫ તા.૧૧–૬–૦૯ થી મ. જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેર રાંદેરઝોન, કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોન નગરનિયોજકશ્રી ટાઉન પ્લાનીંગ, પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને ઓફિસ સુપ્રિ. મધ્યસ્થ કચેરીને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે. અપીલ નં.૮૬ અંગે નં.ટીડીઓ/૮૫૬ તા.૧૧–૬–૦૯ થી મ. જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેર(રાંદેરઝોન) અને કાર્યપાલક ઈજનેર (સેન્ટ્રલ ઝોન) અને નગર નિયોજકશ્રી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ છે. અરજદારે ઉપરોકત પૈકીની માહિતી મળ્યા બાદ તા.૨૯–૬–૦૯ ના રોજ પત્ર ક્રમાંક નં.જીએડી/ઈએસટી/આઈ/૧૯૮(૧)(૨) તા.૧૧–૬–૦૯ થી આપવામાં આવેલ જવાબ અયોગ્ય , વાહીયાત અને સત્યથી વેગળો અને અન્યાયી છે તેવું જણાવી તા.૨૯–૬–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે પરંતુ તે અંગે સાથે કોઈ આધાર પુરાવા કે વાજબીપણું કે અપીલ તબકકે પણ પત્ર પાઠવી તક આપવા છતાં રજૂ કરેલ નથી. પરંતુ તા.૧૭–૭–૦૯ ના રોજ અરજી કમિશ્નરશ્રીને કરવામાં આવેલ તેથી તમામ માહિતી તેઓશ્રીની કચેરી ધ્વારા મળવી જોઈએ અલગ અલગ ખાતાઓ તરફથી જુદા જુદા પત્ર વ્યવહારો મને મોકલ ેલ છે જે જવાબી પ્રત્યુત્તર પત્ર વ્યવહારો ખાતાએ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૬(૩) હેઠળ લાગત જાહેર સત્તા મંડળને અરજી કરવાની રહે છે તેમજ કલમ–૭(૧) અને ૭(૩) તેમજ આરટીઆઈના નિયમ–૩ અને ૪ ની જોગવાઈ હેઠળ માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડવાની રહે છે જેથી અરજદારે કરેલી કમિશ્નર કચેરી ધ્વારા માહિતી એકત્રિત કરી પૂરી પાડવાની રજૂઆત કાયદા અને નિયમો સાથે સુસંગત નથી. અપીલ તબકકે પણ સેક્રેટરી વિભાગના મહેકમ/તદર્થ સમિતિના જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સેક્રેટરી/આ.નં.૫૭ તા.૨–૭–૦૯ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે અપીલ અરજી કરેલ છે જેના એપેલેટ અધિકારી સેક્રેટરીશ્રી હોઈ તેમને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે. તેમજ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૮૮ તા.૮–૭–૦૯ થી તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી ટીડીઓ/૧ ૭૦૨ તા.૧૭–૭–૦૯ થી ઈન્સ્પેકશન પુરું પાડી પત્ર નં.ટીડીઓ/૧૭૩૧ તા.૧૮–૭–૦૯ થી રૂા.૩૮૬/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ અને સેન્ટ્રલ ઝોન અને આસી. કમિશ્નર (સેન્ટ્રલ ઓફિસ) તરફથી અરજદારને માહિતી પુરી પડાયેલ જણાતી નથી.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તથા સેન્ટ્રલ ઓફિસ ધ્વારા નહીં પૂરી પડાયેલી હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્ય અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા શહેર વિકાસ અધકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઓફિસ)ને જણાવવામાં આવે છે. ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ અને વીજીલન્સ તરફથી માહિતી પૂરી પાડવા અંગે કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ દફતરી તપાસણી સહ માહિતી પૂરી પાડવા તૈયારી દર્શાવેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહતો નથી તેટલા પૂરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અપીલ તબકકે પણ સેક્રેટરી વિભાગના મહેકમ/તદર્થ સમિતિના જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સેક્રેટરી/આ.નં.૫૭ તા.૨–૭–૦૯ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે અપીલ અરજી કરેલ છે જેના એપેલેટ અધિકારી સેક્રેટરીશ્રી હોઈ તેમને પત્ર નં.૪૩૦ તા.૨૭–૭–૦૯ થી તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે નં.આરટીઆઈ/સેક્રેટરી/આ.નં.૭૭ તા.૨૯–૭–૦૯ થી અરજદારને આપેલી માહિતી સંદર્ભે નિર્ણય મળ્યા બાદ દિન–૩૦ માં મ્યુ. સેક્રેટરીને અપીલ કરી શકો છો તેવા પાઠવેલ પત્રની નકલ પણ અત્રે રજૂ કરેલ છે.

અરજદાર ઈચ્છુક હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૯) હેઠળ નિર્દિષ્ટ કરેલ જાહેર માહિતી અધિકારીશ્રીનો આગોતરો સમય મેળવી કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળની ફી ભરપાઈ કરી તપાસણી તથા કાર્યવાહીને લગતા દસ્તાવેજો મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ –૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ)અનેજાહેર માહિતી અધિકારી (મહેકમ મધ્યસ્થ ઈન્કવાયરી),ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન),ડાયરેકટર ઓફ પ્લાનીંગ અનેજાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ,ટાઉન પ્લાનીંગ) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઓફિસ), (૬)વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અનેજાહેર માહિતી અધિકારી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી નિલેશકુમાર શાંતિલાલ લોટવાલા,